**નામદાર રાણાવાવના જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતમાં,**
**મુ. રાણાવાવ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૬૬/૨૦૨૬**

**અરજદાર :** **ચના જીવાભાઈ ગુરગુટીયા**
રહે.આદીત્યાણા, કાદા વિસ્તાર
તા.રાણાવાવ, જી.પોરબદર.

**વિ રૂ દ્ધ**

**સામાવાળાઓ:** શ્રી સરકાર

| | |
|---|---|
| ગુનો | બી.એન.એસ.એસ. કલમ–૪૮૦ મુજબની જામીન અરજી |

---

અરજદારપક્ષ તરફે :– વિ.વ.શ્રી એમ.એ.મંધેરા.
સામાવાળાપક્ષ તરફે :– વિ.એ.પી.પી.શ્રી જે.એલ.ઓડેદરા.

---

**(૧).** સાંભળ્યા, અરજી વંચાણે લીધી, આજ રોજ આ કામના આરોપીની જામીન અરજી લગત સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીનો શેરો વંચાણે લીધો, આરોપી તરફે વિ.વકીલશ્રીને સાંભળ્યા, અરજી, ફરીયાદ તથા કેસ કાગળો વંચાણે લીધા. આ કામે આરોપી સામે રાણાવાવ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૧૫૩/૨૦૨૬, પ્રોહી. કલમ–૬૫(એફ) મુજબના ગુન્હાની ફરીયાદ છે.

**(૨).** આ કામે આરોપી તરફે વિ.વકીલશ્રીની મુખ્યત્વે દલીલ છે કે, આ કામના આરોપી કુટુંબ કબીલા વાળા માણસ છે અને કયાંય નાસી ભાગી જાય તેમ નથી.આરોપીના પ્રત્યક્ષ કબ્જા માંથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. તેમજ બનાવ સ્થળેથી આરોપી હાજર મળી આવેલ નથી. અમો આરોપી આદીત્યાણા ગામના

સ્થાનિક રહેવાસી છીએ, તેઓ નિયમીત હાજર રહેશે, શરતોને આધિન જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. આક્ષેપાયેલ કલમ સંદર્ભે અદાલતને જામીન મુકત કરવાની ડિસ્ક્રેશનરી સતાઓ છે, જામીન મુકત કરવામાં આવશે તો નિયમીત કોર્ટમાં હાજર રહીશું, ટ્રાયલ ચાલતા સમય લાગે તેમ હોય જેથી જામીન મુકત કરવા જોઈએ તેમ દલીલ કરેલ છે.

(૩). આ કામે ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રીનો શેરો ધ્યાને લેતા, જામીન અરજી મંજુર કરવા સામે વાંધો છે જેથી આરોપીને જામીન ઉપર છોડી શકાય નહી.

(૪). કાયદાની જોગવાઈ વંચાણે લીધી અને કાયદાની જોગવાઈ મુજબ સદર કેસની હકીકતો અનુલક્ષી સાથે સાથ નામદાર ઉપલી અદાલતનો ચુકાદાઓ ધ્યાને લેતા જેમાં એવુ ઠરાવેલ છે કે, Bail is rule and jail is exception. વધુમાં જામીન આપવા કે ના આપવા તે કોર્ટની વિવેકાધિન સતા હોય અને તેનો વ્યાજબી પ્રયોગ કરવો તેવુ પણ પ્રતિસ્થાપિત સિધ્ધાંત છે. સદર કેસના આક્ષેપિત ગુન્હાની ગંભીરતા જોતાં આરોપીને વ્યાજબી શરતો મુજબ જામીન મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ સચવાઈ રહે તેમ છે. જેથી કાયદાની જોગવાઈ હેઠળ સદર જામીન અરજી મંજુર કરવુ ન્યાયોચીત જણાય આવતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.** હાલની જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપીએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા) સધ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા લખી આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

(૧) આરોપીએ આવા પ્રકારના કે અન્ય કોઈ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવાવું નહી.

(૨) આરોપીએ ફરીયાદ પક્ષનાં પુરાવા સાથે ચેડા કરવા નહીં કે કરવાની કોશીષ કરવી નહી કે ફરીયાદપક્ષને કોઈ ધાક–ધમકી આપવી નહી.

(૩) આરોપીએ રહેઠાણનું પાકુ સરનામું રજુ કરવું અને આ અદાલતની પુર્વ પરવાનગી વગર ફેરફાર કરવો નહી.

(૪) આરોપીએ મોબાઈલ નંબર પુરસીસથી જાહેર કરવા અને આ અદાલતની પુર્વ પરવાનગી વગર મોબાઈલ નંબરમાં ફેરફાર કરવો નહી.

(૫) આરોપીએ આ કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

હુકમ આજરોજ તા.૨૩મી, માહે–માર્ચ,સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી હુકમ જાહેર કર્યો.

તારીખ : ૨૩–૦૩–૨૦૨૬
સ્થળ : રાણાવાવ.

**(નારાયણ લાલ શર્મા)**
(CODE No. GJ 01439)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,રાણાવાવ